# વિદેશમાં બ્રિટિશ રાષ્ટ્રિયને (British nationals) મદદ



Foreign & Commonwealth Office

www.fco.gov.uk

# વિદેશમાં બ્રિટિશ રાષ્ટ્રિયને (British nationals) મદદ

માહિતગાર હોવું અને સુસજ્જ હોવું એ સલામત અને આનંદદાયક વિદેશપ્રવાસનું પહેલું પગલું છે. આ ટૂંકસારમાં વિદેશમાં તમે સલામત રહી શકો તે માટેનાં કેટલાંક મુખ્ય ઉપાયો અને જો તમને મુશ્કેલી પડે તો તમે તમારી જાતને કયા પ્રકારની મદદ કરી શકો.

## પરંતુ તૈયારી કરવી ચોક્કસ લાભદાયી છે.

પરંતુ તેનાથી પ્રત્યેક આવનારી ઘટનાની આગાહી કરવી, કે તેને રોકવી શક્ય નથી. આથી તમારે જાણવું જરૂરી છે કે, તમારી મુશ્કેલીના સમયમાં અમે ફોરેન એન્ડ કોમનવેલ્થ ઓફિસ, તમને મદદ કરવા માટે શું કરી શકીએ છીએ અને શુ નથી કરી શકતા. આ માર્ગદર્શિકા તમને એ મહત્વપૂર્ણ જાણકારી આપે છે.

# કોન્સ્યૂલર મદદ

## અમે કયા પ્રકારની મદદ કરી શકીએ છીએ

અમે કરી શકીએ:

> જૂના પાસપોર્ટ ને બદલે નવાં પાસપોર્ટ આપી શકીએ છીએ;

> નાણાં તબદીલ કરવા વિશેની માહિતી;

> જો તમારા પર બળાત્કાર કે હૂમલો થયો હોય અથવા તમે કોઇ ગુનાનો ભોગ બન્યા હો, અથવા તમે બિમાર હોવ અથવા હોસ્પિટલમાં હોવ તો તમને યોગ્ય મદદ પૂરી પાડી શકી એ છીએ;

> સ્થાનિક વકીલો, ઇન્ટરપ્રીટરો (દુભાષિયાઓ), ડોક્ટરો અને અંતિમક્રિયાનું આયોજન કરતાં ડાઇરેક્ટરો વિશેની વિગતો (નીચે આપેલી નોંધ ૧ જોવા વિનંતી);

> તમારી અટકાયત કરવામાં આવી છે તેવી જાણ અમને થયાનાં ૨૪ કલાકની અંદર તમારો સંપર્ક કરવાનાં અમારાંથી બનતાં બધાં જ પ્રયત્નો;

> બાળકોને ઉઠાવી જવાં, વિદેશમાં કોઇ સંબંધીનું અવસાન, લોકોને ગૂમ થઇ જવું અને અપહરણ જેવાં અન્ય ઘણાં કિસ્સાઓમાં મદદ અને સહાયતા પૂરી પાડી શકીએ છીએ;

> જો તમે ઇચ્છો તો તમારા મિત્રો અને સંબંધીઓનો સંપર્ક; અને

> આતંકવાદ, નાગરિક અવ્યવસ્થા અને કુદરતી આપત્તિઓ જેવી ઘટનાઓમાં ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરી શકીએ છીએ.

**નોંધ 1:**
ગવર્મેન્ટ સંબંધિત, બ્રિટિશ એમ્બેસી, હાઇ કમિશન અથવા કોન્સ્યૂલેટ, આમાંથી કોઇપણ યાદીમાં દર્શાવેલી વ્યક્તિ અથવા કંપનીની વ્યવસાયિક ક્ષમતા અથવા ચારિત્ર્યનાં સંબંધમાં કોઇપણ ગેરેન્ટી આપી ન શકે અથવા તમને આપવામાં આવેલી સલાહ પ્રમાણે તમે જો તેમનાં પર વિશ્વાસ મૂક્યો હોય તો તેમાંથી કોઇને જવાબદાર નહીં ગણી શકાય. વ્યક્તિઓ અને કંપનીઓ વિશે કોઇપણ સૂચન કે પ્રતિભાવને અમે આવકારીએ છીએ.



## વિદેશમાં બ્રિટિશ રાષ્ટ્રિયને (British nationals) મદદ

અમે કરી શકતા નથી:

> મિલકત, રોજગાર, વાણિજ્ય કે અન્ય બાબતો જે અંગત વિખવાદની હોય તેમાં સમાવિષ્ટ થવું;

> તમને જેલની બહાર લાવવામાં, તમને થયેલી કેદ પછી તમને દેશની બહાર મોકલવા માટે લોકલ ઓથોરિટીઓને રોકવામાં, અથવા ફોજદારી અથવા સિવિલ કોર્ટની કાર્યવાહીઓમાં હસ્તક્ષેપ કરવામાં;

> કોઇ દેશમાં પ્રવેશવા માટે, ઉદાહરણ તરીકે, જો તમારી પાસે વીઝા ન હોય અથવા તમારો પાસપોર્ટ માન્ય ન હોય તો, કારણકે અમે કોઇ બીજાં દેશની ઇમિગ્રેશન નીતિઓ અથવા કાર્યવાહીઓમાં હસ્તક્ષેપ ન કરી શકીએ;

> તમને કાનૂની સલાહ આપવામાં, ગૂનાની તપાસ કરવામાં અથવા ખોવાયેલા લોકોની શોધ કરવામાં, જો કે, આવાં બનાવોમાં તમને મદદરુપ થઇ શકે, જેમકે ઇંગ્લિશ બોલતાં વકીલો, તેવાં લોકો વિશેની માહિતી અમે તમને આપી શકીએ છીએ;

> હોસ્પિટલમાં સ્થાનિક લોકોને આપવામાં આવતી સુવિધાની સરખામણીમાં તમને સારી સુવિધા અને સરભરા અપાવે છે;

> સ્થાનિક કેદીઓની સરખામણીમાં જેલમાં તમને સારી સુવિધા અપાવે છે, જોકે આ સુવિધાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય માપદંડો અનુસાર છે કે નહીં તે અંગે અમે સ્થાનિક સત્તાઓ સાથે ચર્ચા કરશું;

> તમારા કોઇ બિલ્સ ચૂકવવામાં અથવા પબ્લિક ફન્ડમાંથી તમને પૈસા આપવામાં;

> તમારા માટે મુસાફરીની વ્યવસ્થા કરવામાં, અથવા તમને કોઇ અથવા રહેણાંક શોધી આપવામાં;

> તમારા વતી કોઇ વ્યવસાયિક વ્યવસ્થાઓ કરવામાં;

> અન્ય દેશમાં તમે સુરક્ષિત છે તેની ખાતરી કરવી – સુરક્ષા અને સલામતી સરકારી મુદ્દો બને છે, અથવા

> જો તમે કોઇ મોટી દુર્ઘટના કે આતંકવાદી હુમલામાં અસર પામ્યા હો તો તમને વળતર પૂરુંપાડવું.

## ખતરનાક કુદરતી આફતો

કેટલીક મોટી કુદરતી આપત્તિઓ દરમ્યાન વિદેશમાં British Nationals ને, અમે અગાઉ જણાવ્યાં કરતાં પણ વધુ અપવાદરૂપ પ્રતિભાવની જરૂર પડી શકે છે. જો કે દરેક સંભવિત સંજોગો નક્કી કરવાનું સરળ નથી પણ આવી ઘટનાઓમાં કુદરતી આપત્તિઓ અથવા મોટાં પાયે અકસ્માતો અથવા આતંકવાદ અથવા સંઘર્ષો જેવાં બનાવોનો સમાવેશ થઇ શકે છે. **અને આવા દરેક સંજોગોમાં કોઈપણ એક જ પ્રકારનો પ્રતિભાવ મદદરુપ નહીં થઇ શકે.** જો ફોરેન સેક્રેટરીને એવું લાગશે કે એવી કોઇ કુદરતી આપત્તિમાં અમે મદદ કરી શકીએ તેવાં ઘણાં બધાં લોકો ફસાયા છે તો, અમે:

> જાહેર નાણાં ભંડોળમાંથી લોકોને અપવાદરુપ મદદ પૂરી પડવી કે કેમ તે વિશે વહેલી તકે વિચારીશું;

> ફોન કે અમારી વેબસાઈટ (**www.fco.gov.uk**) પરના ઓનલાઈન ફોર્મ દ્વારા મિત્રો અને પરિવાર અંગેની ચિંતાઓ રજૂ કરવા માટે જાહેર જનતા માટે ઈમર્જન્સી સેન્ટર સ્થાપવું;

> અમારી પાસે જો માહિતી હશે અને અમને જો તે વિશ્વાસપાત્ર લાગશે તો અમે તે અસરગ્રસ્ત લોકોને અને અમે જેમનાં સંપર્કમાં હોઇશું તેવાં તેઓનાં પરિવારનાં સભ્યોને તે માહિતી આપીશું; અને

> જ્યાં આવી ઘટના બની હશે તે દેશોમાં વધારાનાં યોગ્ય કર્મચારીઓ મોકલવા માટે વિચારીશું.

## અમે કોને કોને મદદ કરી શકીએ છીએ

અમે યુ.કે. ની બહાર એવાં લોકોને મદદ કરી શકીએ છીએ જેઓ:

> British Nationals હોય (પછી તેઓ યુ.કે.માં સામાન્ય રીતે રહેતાં હોય કે ન પણ રહેતાં હોય);

> કેટલાંક ચોક્કસ મર્યાદિત સંજોગોમાં, અન્ય દેશની પણ રાષ્ટ્રીયતા ધરાવતાં British Nationals ('દ્વિ-નાગરિકત્વ ધરાવતાં નાગરિકો'); અને

> યુરોપિયન યુનિયન અથવા કોમનવેલ્થનાં એવાં નાગરિકો કે જેઓનાં દેશની રાજદ્વીર અથવા કોન્સ્યુલ ઓફિસ તે દેશમાં ન હોય અને અમે આવાં નાગરિકોને મદદરૂપ થવા માટે સંમતિ આપી હોય તેવાં સંજોગોમાં.

યુ.કે. માં કાનૂની રીતે રહેતાં હોય તો પણ અમે અન્ય દેશોનાં નાગરિકોને આવી **મદદ નથી કરી શકતાં**.

## તમે અમારો સંપર્ક ક્યાં કરી શકો

વિદેશમાં **બ્રિટિશ ડિપ્લોમેટીક અને કોન્સ્યૂલર મિશનો** અને લંડનની ફોરેન એન્ડ કોમનવેલ્સ્થ ઓફિસનાં **કોન્સ્યૂલર ડિરેક્ટરેટ** દ્વારા મદદ આપવામાં આવે છે. વિદેશમાં બ્રિટિશ ડિપ્લોમેટિક મિશનો એ અન્ય દેશોમાં બ્રિટિશ ગવર્મેન્ટની મુખ્ય ઓફિસો છે જે દેશનાં પાટનગરોમાં આવેલી હોય છે. આવી ઓફિસો કોમનવેલ્સ્થ દેશોમાં **બ્રિટીશ હાઇકમિશન** અથવા **ડેપ્યુટી હાઇ કમિશનો** અને અન્ય દેશોમાં **બ્રિટિશ એમ્બેસીઓ** તરીકે ઓળખાય છે. તમને રાજધાનીઓમાં અથવા પ્રાદેશિક સેન્ટરોમાં, **બ્રિટીશ કોન્સ્યૂલેટ જનરલ** અથવા **કોન્સ્યૂલેટો** પણ જોવા મળી શકે છે. કેટલીક જગ્યાઓમાં જ્યાં અમારી બ્રિટિશ ડિપ્લોમેટિક અથવા કોન્સ્યૂલ્ ઓફિસો નથી હોતી ત્યાં અને **ઓનનરી કોન્સ્યૂલો** રાખેલો છે, જેઓ કેટલીક મર્યાદિત મદદ પૂરી પાડી શકે છે અથવા તમને તેઓની સૌથી નજીકની ઓફિસનો સંપર્ક કરાવી આપે છે.

જ્યારે અમે તમને સહાય આપીએ છીએ, ત્યારે અમે:

> વિનમ્ર, સહાયકારી અને વ્યવસાયિક રહીશું;

> ડેટા પ્રોટેક્શન એક્ટ 1998, (Data protection Act 1998) ને સુસંગત રહીને તમારી માહિતી સાચવીશું/તેનો ઉપયોગ કરીશું (જેઓ નીચે આપેલી નોંધ 2);

> શક્ય તેટલી વહેલી તકે કોઇપણ પુછપરછ અથવા વિનંતીઓનો જવાબ રૂબરૂમાં અથવા ફોન અથવા લેખિતમાં આપીશું;

**નોંધ 2:**
આ કાયદા સાથે સુસંગત અમે વ્યક્તિગત જાણકારી જાળવીએ છીએ અને યુકેના અન્ય સરકારી વિભાગો અને જાહેર સત્તાઓને આપી શકીએ છીએ.

> શરૂઆતથી જ, સ્પષ્ટ જણાવીશું કે, અમે તમને કેવી રીતે મદદ કરી શકશું;

> તમને યોગ્ય વ્યવસ્થા પૂરી પાડીશું કે જેથી ઓફિસનાં કામકાજનાં કલાકો સિવાયની વ્યાજબી કટોકટી વખતે તમને કોઇ મદદરૂપ થઇ શકે; અને

> કોઇપણ વ્યક્તિની જાતિ, વંશ, ઉંમર, રંગ, જાતીયતા, અસમર્થતા અથવા ધર્મ ગમે તે હોવાં છતા પણ તે વ્યક્તિ અમારી સેવા સમાન રીતે મેળવી શકે તેની ખાતરી કરીશું.

તમારે આટલું કરવું જોઇએ:

> અમારાં કર્મચારીઓ સાથે માનપૂર્વક વર્તવું જોઇએ (જો તમે શારીરિક અથવા શાબ્દિક રીતે અભદ્ર વર્તન કરતાં હશો તો અમે તમને મદદ કરવાની ના પાડી શકીએ છીએ);

> મુસાફરીનો સંપૂર્ણ વીમો લોવો જોઇએ અને જો તમે વિદેશમાં રહેતાં હો તો સ્વાસ્થ્ય સંભાળનો વીમો અને અન્ય કોઇપણ યોગ્ય વીમો લેવો જોઇએ;

> મુસાફરી પહેલાં તમે બરાબર તૈયારી કરી હોવી જોઇએ જેમ કે, દવાઓ સાથે લેવી, કોઇપણ જરુરી રસીઓ મૂકાવવી અને તમારાં પરિવાર અથવા મિત્રોને તમારા પ્રવાસ-માર્ગની વિગતો આપવી જવી;

> અમારી પ્રવાસ વેબસાઇટ (**www.fco.gov.uk**) જોવા સહિત તમારાં નક્કી કરેલાં પ્રવાસ સ્થળો વિશે તમે તપાસ કરી હોવી જોઇએ;

> તમારે સ્થાનિક કાયદાઓનું પાલન કરવું જોઇએ;

> સલામત એ અસલામત બાબતો વિશે સ્થાનિક માર્ગદર્શન લેવું જોઇએ, અને તેને અનુસરવું જોઇએ;

> બિનજરુરી જોખમો લેવાનું ટાળવું જોઇએ અને તમારાં પ્રવાસ-દસ્તાવેજો અને પૈસાની સંભાળ રાખવી જોઇએ; અને

> કેટલાંક ચોક્કસ પ્રકારની કોન્સ્યૂલર મદદ જેમ કે કટોકટીમાં એક પ્રવાસનો દસ્તાવેજ મેળવવા માટે તમારે પૈસા ચૂકવવા તૈયાર રહેવું જોઇએ (અમે આ પ્રકારની કિંમતો દ્વારા નફો નથી કરતાં પણ તેને બદલે તેનો ઉપયોગ અમે એલચીખાતાની સેવાઓના ખર્ચા કાઢવામાં કરીએ છીએ).



# વિદેશમાં સલામત વસવાટ

British nationals દર વર્ષે લાખો વિદેશ પ્રવાસો કરે છે, જેમાંથી મોટાંભાગનાં પ્રવાસો દરમ્યાન કોઇપણ પ્રકારનાં અઘટિત બનાવો નથી બનતાં. અને ઘણાં બ્રિટિશ લોકો વિદેશમાં રહેવાની મજા પણ માણે છે. એટલે, વિદેશમાં સલામત અને સુરક્ષિત રહેવા માટે, અને કાંઇક મુશ્કેલી પડે તો તેનાં માટે તૈયાર રહેવા માટે, કેટલીક સરળ સાવધાનીઓ ધ્યાનમાં રાખવી અગત્યની છે:

## તમે વિદેશ જાવ તે પહેલાં

> વિદેશમાં તમારી સલામતી વિશે તમે માહિતી પર આધારિત નિર્ણયો લઇ શકો તે માટે **અમારી પ્રવાસ વેબસાઇટ www.fco.gov.uk/travel** જોઇ લેશો અથવા 0845 850 2829 પર ફોન કરશો. તેમાં રાજકીય અશાંતિ, સંઘર્ષો, આતકવાદી પ્રવૃત્તિઓ, બ્રિટિશ-વિરોધી પ્રદર્શનો, અરાજકતા, હિંસા, કુદરતી આફતો, રોગચાળો ફેલાવો અને વિમાન અને શિપીંગમાં સલામતી જેવી અંગત સુરક્ષાને જોખમમાં મૂકે તેવી પરિસ્થિતિનો સમાવેશ થાય છે (નીચે આપેલ નોંધ 3 જુઓ). વેબસાઇટની અંદર "તમે જાઓ તે પહેલાં જાણો'('know before you go')મથાળા હેઠળ વિદેશમાં સલામતિ વિશેની સામાન્ય માહિતી પણ આપવામાં આવી છે. તમે જે સ્થળની મુલાકાત લેતાં હો તે સ્થળમાં કોઇ મુશ્કેલી હોય તો તે વિશેનાં છાપાનાં રિપોર્ટો પણ વાંચતા રહેશો.

**નોંધ 3:**
અમારું મુસાફરી માર્ગદર્શન તૈયાર કરતાં અમે પૂરી સંભાળ લઇએ છીએ પરંતુ તેમ છતાં, મુસાફરીનું માર્ગદર્શન વાંચીને કોઇ દેશ સંબંધિત નિર્ણય લેતી વખતે તેમા સલાહને ધ્યાનમાં લો તો તેની કાયદાકીય સહિત કોઇપણ જવાબદારી અમારી નથી. મુસાફરી માર્ગદર્શિકામાં લખેલ કોઇ મુદ્દાને પરિણામે થયેલ કોઇપણ ઇજા, નુકસાન માટે યુકે સરકાર, બ્રિટિશ કેન્સ્યુલરનો કોઇપણ સભ્યકે વિદેશનો કોઇ પણ એલચી જવાબદાર ગણાશે નહીં.

> **પૂરો ટ્રાવેલ ઈન્સ્યૂરન્સ** લેવાની હંમેશા ખાતરી કરશો. યુરોપિયન ઈકોનોમીક એરીયા (જૂઓ નીચે દર્શાવેલી નોંધ 4) અથવા સ્વિટ્ઝરલેન્ડની મુલાકાતે જઇ રહેલાં લોકોને ઘટાડેલાં દરે અથવા મફત ઈમર્જન્સી સારવાર માટેનું એક મફત યુરોપિયન હેલ્થ ઈન્સ્યૂરન્સ કાર્ડ (EHIC) મળવું જોઇએ. પણ આમ છતાં, તમારે પ્રવાસ વીમો લેવાની તો જરુર પડશે જ. તમે ઇએચઆઇસી મેળવવા માટેની અરજી પોસ્ટ ઓફિસોમાં, 0845 606 2030 પર ફોન કરવાથી, અથવા વેબસાઈટ **www.ehic.org.uk** અથવા **www.dh.gov.uk/travellers** પર, ઓનલાઇન પણ કરી શકો છો. જો તમે વિદેશમાં રહેવા માટે જઇ રહ્યાં હો તો તમારી પાસે સ્વાસ્થ્ય-સંભાળનું એક સારું રક્ષણ હોય તેની ખાતરી કરશો અને તે દેશ સાથે યુ.કેનાં સોશ્યલ સિક્યૂરીટી કચરો થયાં છે કે કેમ અને કઇ સેવાઓ તેમાં આવરી લેવામાં આવી છે તે પણ જાણી લેશો. જો તમે યોગ્ય વીમો નહીં ઉતરાવ્યો હોય તો સામાન્ય રીતે કટોકટી વખતે તમારે પોતે ખર્ચો કરવો પડશે, જેમાં મેડિકલ બિલોનો પણ સમાવેશ થાય છે.

> **ખાતરી કરશો કે તમારો વીમો છેલ્લી તારીખ સુધીનો હોય, સંપૂર્ણ પ્રવાસ પૂરતો હોય અને તેમાં તમારી સાથે મુસાફરી કરતી દરેક વ્યક્તિ** અને તેમ કરવા માંગતાં હો. તેમાં કઇ કઇ વસ્તુઓ આવરી લેવાયેલી છે તે તપાસી જશો- જેમકે તમે કરવા માંગતાં હો તેવી જોખમી રમત-ગમત સહિતની બધી પ્રવૃત્તિઓ, તમારો બધો સામાન અને સાધનો, કોઇપણ આતંકવાદી પ્રવૃત્તિને કારણે અંગત ઇજા અને કાનૂની ખર્ચનો સમાવેશ થયો છે કે કેમ. તમારે વીમાની પોલિસીની છૂટકારો વિશે પણ કાળજીપૂર્વક ધ્યાન આપવું જોઇએ (કેટલીક પોલિસીઓ ત્રાસવાદી પ્રવૃત્તિને કારણે થયેલ ઇજાને આવરી લેતી નથી), જેમાં તમારી **અગાઉની કોઇ મેડિકલ પરિસ્થિતિ** હોય તો તે તેમજ આલ્કોહોલ અને ડ્રગ્સનો સમાવેશ થાય છે. વીમો ઉતરાવ્યા પહેલાંની અથવા વર્તમાનની તમારી કોઇપણ તબીબી સ્થિતિ, મનૌવૈજ્ઞાનિક બીમારી સહિતની, વિશે તમારો વીમો ઉતરાવનારને ચોક્કસ જાણ કરશો. પોલિસીનો નંબર અને 24-કલાક ઈમર્જન્સી નંબર તમારી સાથે રાખવાનું યાદ રાખશો.

નોંધ **4**:
યુરોપીયન ઈકોનોમીક એરીયામાં યુરોપીયન યુનિયનમાં 27 સભ્ય દેશો અને આઇસલેન્ડ, લિચટેન્સ્ટેઇન અને નોર્વેનો સમાવેશ થાય છે.

**નોંધ 5**:
અન્ય સંસ્થાઓની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી અંગે અમે જવાબદાર નથી અને તેમના દ્વારા આપવામાં આવેલ કોઈપણ કાનૂની જવાબદારી અમે સ્વીકારી શકતા નથી.

> તમે પ્રવાસે નીકળો તેનાં ઓછામાં ઓછાં છ અઠવાડિયા પહેલાં, તમારા ડોક્ટરને પૂછશો કે તમારે **કઇ કઇ રસીઓ અને સ્વાસ્થ્ય-સંબંધી કઇ કઇ સાવધાનીઓ લેવી પડશે**. તમે લેતાં હો તેવી **કોઇપણ દવાઓનો પૂરતો પૂરવઠો** તમારાં હાથ-સામાનમાં રાખશો. તમારી દવાઓને તેનાં મૂળ પેકીંગમાં જ રાખશો અને એ કોઇપણ પ્રિક્રિપ્શનો હોય તો તે પણ સાથે રાખશો. તમે જે દેશની મુલાકાત લેતાં હો તે દેશની એમ્બેસીમાં તપાસ કરશો કે તમે જે દવાઓ સાથે લઇ જાવ છો તે દવાઓ તે દેશમાં કાનૂની છે કે કેમ અને તમારે તમારી સાથે કોઇ ડોકટરનો પત્ર લઇ જવો પડશે કે કેમ. લાંબા સમય સુધીનાં પ્રવાસ માટે, પ્રવાસ શરુ કરતાં પહેલાં તમારાં ડેન્ટિસ્ટ અને ઓપ્શિયનની મુલાકાત પણ લઇ લેશો.

> તમે જાઓ તે પહેલાં, એક સારી **ગાઇડબૂક (માર્ગદર્શિકા)** સાથે રાખશો અને તમારાં પ્રવાસનાં સ્થળો વિશે પણ માહિતી મેળવી લેશો. **સ્થાનિક કાયદાઓ અને રીત-રિવાજો** વિશે પણ જાણવું જરૂરી છે. સંભવિત જોખમો વિશે તમારા ટ્રાવેલ એજન્ટ અથવા ટૂર ઓપરેટરની સાથે પણ વાત કરી લેશો.

> તમારો **પાસપોર્ટ** માન્ય હોય અને સારી સ્થિતિમાં હોય તેની ખાતરી કરશો. કટોકટીમાં સંપર્ક કરી શકાય તેવા બે મિત્રો કે સ્વજનોની સંપર્ક વિગતો આપો. તમે જે દેશની મુલાકાતે જઇ રહ્યાં હો ત્યાંનાં ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ કન્ટ્રોલ્સ (દેશાંતર અએ સીમાશુલ્ક નિયંત્રણો) વિશે જાણી લેશો અને જરૂરી વીઝા મેળવી લેશો.

> તમારા અને તમારા પરિવારના મુસાફરી આયોજનની વિગતોની નોંધણી કરાવવા માટે **ઓનલાઈન નોંધણી સેવા** વાપરો. જુઓ **www.fco.gov.uk** અને સાઈન અપ કરવા માટે 'LOCATE' પર ક્લિક કરો.

> તમારા પાસપોર્ટ, વીમાની પોલિસી (અને વીમો ઉતરાવનાર કંપનીનો 24 કલાક ઈમર્જન્સી નંબર) ટિકિટની **વિગતો**, પ્રવાસ-માર્ગની માહિતી અને તમારા સંપર્કની વિગતો તમારાં પરિવાર અને મિત્રો પાસે **છોડીને જશો**. તમારા પાસપોર્ટની અને વીમાની પોલિસીની બીજી નકલ તમારી પાસે રાખશો અને તેની સાથે ઓળખનો બીજો પણ કોઇ પુરાવો (ખાસ કરીને ફોટોગ્રાફ સાથેનો, જેમકે ડ્રાઈવીંગ લાયસન્સ) પણ સાથે રાખશો. દર વખતે તમારી ઓળખનો કોઇ પુરાવો અથવા તેની ફોટોકોપી તમારી સાથે રાખવી ઉપયોગી ગણાય છે.

> તમારી સાથે પ્રવાસ **માટે પૂરતાં પૈસા** અને ટ્રાવેલર્સ ચેક, થોડીક રોકડ (સ્ટર્લીંગ અથવા યુ.એસ. ડોલર્સ) અથવા માન્ય ક્રેડિટ કાર્ડસ પણ સાથે લઇને જશો. તમે પ્રવાસે નીકળો તે પહેલાં જો તે ખોવાઇ જાય તો તેને બદલે ઈજાં કાર્ડસ કે ચેક્સ કેમ મેળવવા તે પણ જાણી લેશો. તેનાં નંબર નોંધી રાખશો અને જો તે રદ કરવાની જરૂર જણાય તો તે માટેનો ટેલિફોન નંબર પણ યાદ રાખશો.

> જો તમે વાહન ચલાવવા માંગતા હો, તો તમારું **યુકે ડ્રાઈવીંગ લાઈયન્સ ચાલુ અને માન્ય હોય** તેની ખાતરી કરશો. તમે જે દેશની મુલાકાત લઇ રહ્યાં હોય ત્યાંનાં વાહન ચલાવવા માટેનાં કાયદાઓ અને પરિસ્થિતિઓ તેમજ લાયસન્સની જરુરિયાતો વિશે પણ જાણી લેશો. કેટલાંક દેશોમાં તમારે આંતરરાષ્ટ્રીય ડ્રાઈવીંગ પરવાનગી પણ લેવી પડશે. ક્યારેય દારુ પીને વાહન ચલાવશે નહીં. ખાસ ધ્યાન રાખશો કે ઘણાં દેશોમાં ટ્રાફિક અપરાધો માટે સ્થળ પર જ દંડ લેવામાં આવે છે. વધુ માહિતી માટે, અમારી વેબસાઇટ **www.fco.gov.uk/travel** પર 'Driving abroad' પેજ જુઓ.

## જ્યારે તમે વિદેશમાં હો ત્યારે

> **સલામતી વિશે જાગૃત રહો અને સમજદાતી પૂર્વકની સાવધાનીઓ ધ્યાનમાં રાખો.** તમારી આસપાસ બનતાં અનાવોની નોંધ રાખો અને તમને જ્યાં મજા ન આવતી હોય તેવી પરિસ્થિતિઓથી દૂર રહો. સમાચાર માધ્યમોમાં આવતા સ્થાનિક અને પ્રાદેશિક બનાવો વિશેની માહિતી પણ રોજેરોજ મેળવશો. જો શક્ય હોય તો તમારા ઘરેણાં અને કિંમતી વસ્તુઓ ઘરે મૂકીને બહાર નીકળો. દિવસ દરમ્યાન તમને જરુર હોય તેટલાં જ પૈસા સાથે રાખો. બાકીની વસ્તુઓ, અને ઓછામાં ઓછું એક ક્રેડીટ કાર્ડ, તમારી પાસે હોય તો, હોટલમાં સલામત સ્થળે રાખશો. તમારા પાસપોર્ટ, વીમાની વિગતો અને અગત્યનાં પ્રવાસ દસ્તાવેજોની નકલો અને મૂળ નકલો એકબીજાથી અલગ અલગ રાખશો. તમને જરૂર પડે તેવાં સંજોગોમાં બ્રિટિશ એમ્બેસી, હાઇ કમિશન અથવા કોન્સ્યૂલેટ અને સ્થાનિક સેવાઓનાં ઇમર્જન્સી નંબરો પણ નોંધી રાખશો.

> યુ.કે.માં તમારા પરિવારનાં સભ્યો અને મિત્રોનાં **સંપર્કમાં સતત રહો,** ખાસ કરીને જો તમે એકલાં અથવા કોઇ એકાંત જગ્યામાં મુસાફરી કરતાં હો અથવા તે વિસ્તારમાં આતંકવાદી હૂમલાઓ અથવા કોઇ કુદરતી આફત વિશે તમને ખબર હોય. તમે કદાચ સંપૂર્ણપણે સલામત હોઇ શકો છો, પણ તમારાં ઘરના સભ્યોને ચિંતા થઇ શકે છે અને તમે ખોવાઇ ગયાં છો તેવો રિપોર્ટ પણ તેઓ કરી શકે છે.

> **તમારે સ્થાનિક કાયદાઓનું પાલન કરવું જરુરી છે.** કાયદાનાં ભંગ બદલ અથવા એવી કોઇ બાત માટે જે યુ.કેમાં ગેરકાનૂની ન હોય અને તમને નજીવી જણાતી હોય તેવી કોઇપણ બાબતને કારણે તમને ગંભીર દંડની સજા પણ થઇ શકે છે. તમારા વીઝાની મુદ્દત કરતાં વધુ નહીં રોકાતાં અથવા ગેરકાનૂની રીતે નોકરી નહીં કરતાં– કદાચ તમને દંડ ફટકારવામાં આવે અથવા જેલની સજા પણ થઇ શકે છે. કેમેરા અને દૂરબીન જેવાં સાધનોનો ઉપયોગ, જેમકે પક્ષીઓ અથવા વિમાન જોવા માટે કરવાથી ખોટી ગેરસમજણ ફેલાઇ શકે છે (ખાસ કરીને મિલીટ્રીની આસપાસનાં સ્થળોમાં). કેટલાંક દેશોમાં પ્રદર્શનોનું ફિલ્માંકન કરવું કે ફોટા પાડવા એ પણ ઉત્તેજક પ્રવૃત્તિ હોઈ શકે છે. જો તમને કોઇ શંકા હોય તો ખાસ ધ્યાન રાખશો.

> **સ્થાનિક રીત-રિવાજોને** માન આપીને વર્તન કરશો અને યોગ્ય પ્રકારનો પહેરવેશ પહેરશો, ખાસ કરીને ધાર્મિક સ્થળો, માર્કેટ અને ગ્રામ્ય વિસ્તારોમાં જતી વખતે. જો તમને કોઇ શંકા હોય તો, ખાસ ધ્યાન રાખશો. કેટલાક સ્થળોમાં બીજે ક્યાંય સ્વીકાર્ય ગણાય તેવી વર્તણૂકએ કારણે ગંભીર મુશ્કેલીઓ ઊભી થઇ શકે છે.

> **સ્થાનિક વન્યજીવન અને** ત્યાં વસતાં લોકોની સુરક્ષામાં, ત્યાનાં નિયમો અને નિયંત્રણોને સન્માન આપીને મદદરૂપ થશો (જેમાં કચરાનો યોગ્ય પ્રકારે નિકાલ કરવાનો પણ સમાવેશ થાય છે). એક વાત ખાસ ધ્યાનમાં રાખશો કે વન્ય જીવનની કોઇપણ બનાવટ ખરીદવી જોખમી છે. આખા વિશ્વમાં આ પ્રકારની ગેરકાનૂની યાદગીરીઓને કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જપ્ત કરવામાં આવે છે અને યુકે માં તો તમારી સામે કાનૂની કાર્યવાહી અને દંડની સજા પણ થઇ શકે છે. **યુ.કે.માં તમે લાવો છો તે વસ્તુઓ કાનૂની છે કે કેમ** તે ચકાસી લેશો, પર્યાવરણ, અન્ન અને ગ્રામીણ બાબતોના વિભાગને 08459 335577 પર ફોન કરો (વેબસાઇટ: **www.defra.gov.uk**) અથવા એચએમ રેવન્યુ એન્ડ કસ્ટમ્સનો 0845 010 9000 પર સંપર્ક કરો (વેબસાઈટ: **www.hmrc.gov.uk**).

> **આલ્કોહોલ માટે સ્થાનિક લોકોની વર્તણૂંકને ધ્યાનમાં રાખશો અને તમારી મર્યાદામાં રહેશો–** વિદેશમાં યુ.કેની સરખામણીએ ઘણાં વધુ તેજ નશાકારક પીણાં આપવામાં આવતાં હોય છે. તમારા પીણાંઓ દર વખતે તમારી સાથે રાખો અને તેની સાથે ડ્રગ્ઝ નો ઉપયોગ કરવાથી તમારી સ્થિતિ તમને કોઇ હૂમલો અથવા બળાત્કારનાં શિકાર પણ બનાવી શકે છે. આલ્કોહોલ પીધા પછી અને ડ્રગ્ઝ લીધા પછી અકસ્માતો થવાની સંભાવના વધી જાય છે. અને ત્યાર પછી પાણીમાં તરવાનું અથવા બાલ્કનીઓ પર અથવા ઊંચી જગ્યાઓમાં ફરવાનું ટાળશો. જો તમને અકસ્માત થયો હોય અને નશીલી દવા કે દારુના પ્રભાવમાં તમે સ્વયંને ઈજા પહોંચાડી હોય તો તમારી વીમા પોલીસી તેને આવરી લે તે અસંભવિત છે.

> **તમારે એ પણ જાણવું જોઇએ કે વિદેશમાં ડ્રગ્સ જેવી બાબતો સાથે સંડોવાયેલા રહેવાથી શું બની શકે છે.** ક્યારેય ઈજાં લોકો માટે કસ્ટ્મ્સ મારફત કોઇ પેકેજ નહીં લઇ જતાં અથવા અજાણ્યાં લોકોની સાથે કસ્ટમ્સમાંથી પસાર નહીં થતાં. જો તમે વાહન ચલાવતાં હો તો તમારું વાહન બીજી કોઇ વ્યક્તિને નહીં આપતાં અથવા સરહદો પસાર કરતી વખતે અન્યશ કોનાં વાહનમં બેસતાં નહીં– વાહનમાંથી બહાર નીકળીને ચાલવા માંડો. તમારો સામાન પેક કરીને રાખો અને ક્યારેય તેને ધ્યાન બહાર રાખશો નહીં.

Foreign & Commonwealth Office

## ફીડબેક

જો તમારે વિદેશમાં બ્રિટિશ એમ્બેસી, હાઈ કમિશન અથવા કોન્સ્યૂલેટનો સંપર્ક કરવાની જરૂર પડી હોય તો તમને ત્યાંથી મળેલી મદદ વિશેની તમારી કોઈપણ ટિપ્પણીઓ અમે આવકારીશું. પોલિસી, કોમ્યૂનિકેશન અને ટ્રેનિંગ ગ્રુપને નીચેનાં સરનામે પત્ર લખવા વિનંતી:

Consular Directorate
Foreign and Commonwealth Office
Old Admiralty Building
Spring Gardens
London
SW1A 2PA

ઈમેલ: feedback.consular.services@fco.gov.uk

જો તમે તમને મળેલી સહાયતાથી સંતુષ્ટ ન હો અને તમે કોઇ ઑપચારિક ફરિયાદ કરવા માંગતાં હો તો ઉપરનાં સરનામે FCO ડાઈરેક્ટર ઓફ કોન્સ્યૂલર સર્વિસને પત્ર લખશો અથવા ઇ-મેઇલ complaint.consular.services@fco.gov.uk કરશો.

આ પુસ્તિકા વિદેશમાં તમે કેવી રીતે સુરક્ષિત રહી શકો અને ક્યાં અમે તમને મદદ કરી શકીએ તે અંગેની સંક્ષિપ્ત માહિતી આપે છે. આ પ્રકાશનની સંપૂર્ણ આવૃત્તિ સહિત વધુ જાણકારી, અમારી વેબસાઈટ, www.fco.gov.uk/travel પર ઉપલબ્ધ છે.

© Crown Copyright 2009

પ્રિન્ટીંગ સમયે આ પ્રકાશનની સામગ્રી સાચી છે (માર્ચ 2009).

FCO TRAVEL ADVICE
know before you go
fco.gov.uk/travel

Crystal Mark
13090
Clarity approved by
Plain English Campaign

**www.fco.gov.uk/travel**